सत्यमेव जयते

દાખલ તારીખ :–૨૯/૦૯/૨૦૧૦
રજીસ્ટર તારીખ:–૨૯/૦૯/૨૦૧૦
ફેંસલ તારીખ :–૨૮/૦૪/૨૦૨૬
સમયગાળો :– વર્ષ – માસ –દિવસ
૧૫ – ૦૬ – ૩૦

<u>મોટર એક્સીડન્ટ ક્લેઇમ ટ્રિબ્યુનલ અને</u>

<u>૮^{માં} એડીશ્નલ ડીસ્ટ્રીક્ટ તથા સેશન્સ જજ સમક્ષ,</u>

<u>મુ. ધોળકા, અમદાવાદ(ગ્રામ્ય).</u>

એમ.એ.સી.પી. નં.૧૫૬/૨૦૨૧
જુનો એમ.એ.સી.પી.નં.૧૬૬૦/૨૦૧૦
આંક–

અરજદાર :–

(૧) નીમેષભાઇ બીપીનભાઇ કાછીયા પટેલ
ઉ.વ.– ૨૭, ધંધોઃ– નોકરી, ધર્મઃ– હિન્દુ,
રહેઃ– શીવજીના મંદિર પાસે, ખારાકુવા,
તા. ધોળકા, જી. અમદાવાદ.

વિરૂદ્ધ

સામાવાળાઓ :–

મોટરસાયકલ નં. જીજે.૦૧.એફજે.૮૭૪૨ ના માલિક તથા વીમા કં.

(૧) માલિકઃ– અશોકકુમાર એમ. કાછીયા પટેલ,
રહેઃ– શેઠ ફળી, ખારાકુવા, ધોળકા,
તા. ધોળકા, જી.અમદાવાદ.

(૨) વીમા કંપનીઃ– ધી ન્યુ ઇન્ડીયા એશ્યોરન્સ કંપની લી.
ઠે. લીગલ સેલ, પોપ્યુલર હાઉસ, આશ્રમ રોડ, અમદાવાદ.

મારૂતી ફ્રન્ટી નં. જીજે.૦૧.કે.૩૪૩૮ ના ચાલક તથા માલિક

(૩) ચાલકઃ– યાકુબભાઇ ગનીભાઇ છાયા,
રહેઃ–એ/૫, શાની કલાસીક કોમ્પલેક્ષ,
શાહઆલમ, અમદાવાદ.

(૪) **માલિકઃ– આશીષભાઈ ભટ્ટ**
રહેઃ– ૨૪, જલારામપાર્ક સોસાયટી,
મણીનગર, અમદાવાદ.

(૫) **વિનોદભાઈ ઠાકોરલાલ કાયસ્થ (આંક – ૩૦ મુજબ ઉમેરેલ છે.)**
રહેઃ– ૮, હેવન પાર્ક સોસાયટી,
રામદેવનગર, સેટેલાઈટ, અમદાવાદ.

બાબત:– મોટર વ્હીકલ એક્ટની કલમ–૧૬૬ હેઠળ રૂા.૩,૦૦,૦૦૦/– નું વળતર મેળવવાની અરજી.

અરજદારપક્ષ તરફે વિ.વ.શ્રી કે.બી.પટેલ,
સામાવાળા નં. ૧ તરફે વિ.વ.શ્રી કોઈ નહીં,
સામાવાળા નં.૨ તરફે વિ.વ.શ્રી એચ.જી.મજમુદાર,
સામાવાળા નં.૩ તરફે વિ.વ.શ્રી કોઈ નહીં,
સામાવાળા નં. ૪ તરફે વિ.વ.શ્રી દિવ્યકાંત ડી. પંડયા,
સામાવાળા નં. ૫ તરફે વિ.વ.શ્રી કોઈ નહીં,

–: ચુકાદો :–

કેસની ટુંકમાં હકીકત :–

૦૧. આ કામના અરજદાર તથા તેમના મિત્ર અભિષેકભાઈ સતીષભાઈ તા. ૩૧/૦૫/૨૦૦૯ ના રોજ સવારે ૦૯.૩૦ વાગ્યે તેમના બનેવીનું મો.સા.નં. જીજે–૦૧–એફજે–૮૭૪૨ લઈને ધોળકાથી અમદાવાદ ખાતે ગયેલા અને અમદાવાદ ફરીને રાત્રીના પરત ધોળકા જવા નીકળેલા. ત્યારે રાત્રીના આશરે ૧૦ વાગ્યાના સુમારે કાસીન્દ્રા ગામના પાટીયા પાસેથી પસાર થતા હતા ત્યારે આ કામના અરજદારનો મીત્ર જનક મળી જતા તેઓ રોડ ઉપર ઉભા વાતો કરતા હતા ત્યારે એક મારૂતી ફ્ન્ટી નં. જીજે–૦૧–કે–૩૪૩૮ ની ધોળકા તરફથી પુરઝડપે, ભારે બેદરકારી અને ગફલતભરી રીતે, માણસની જાન જીંદગી જોખમાય તે રીતે, ફુલ સ્પીડમાં, ટ્રાફીકના નિયમોનું

ઉલ્લંઘન કરીને હંકારી લાવી આ કામના અરજદારને તેમજ તેમના મિત્રને જોરથી ટક્કર મારેલ અને આ રીતે સદર અકસ્માતનો બનાવ બનેલ. સદર અકસ્માતનો બનાવ આ કામના સામાવાળા નં. ૩ ની બેદરકારી તથા ગફલતભર્યા ડ્રાઈવીંગને કારણે બનેલ હોઈ સદર અકસ્માત અંગે અસલાલી પોલીસ સ્ટેશનમાં સેકન્ડ ગુ.ર.નં. ૧૩૯/૨૦૦૯ થી ગુનો નોંધાવેલ. આમ, હકીકત હોવાથી આ કામના તમામ સામાવાળાઓ અરજદારને થયેલ ઈજાઓ અને નુકશાનનું વળતર ચુકવવા સંયુક્ત તેમજ વિભક્ત રીતે જવાબદાર તથા બંધાયેલા છે.

અકસ્માત વખતે આ કામના અરજદારની ઉંમર–૨૭ વર્ષની હતી અને જન્મ તા.૧૪/૦૭/૧૯૮૧ છે. અકસ્માત અગાઉ અરજદાર ઓટો ગેરેજનો કામ કરી માસિક રૂા. ૪,૫૦૦/– જેટલું કમાતા હતા. અકસ્માત અગાઉ અરજદાર સંપૂર્ણ સ્વસ્થ તેમજ તંદુરસ્ત હતા અને કોઈજ ખોડ ખાપણ કે રોગ ન હતા. સદર અકસ્માતમાં અરજદારને જમણા પગમાં થાપાના ભાગના તેમજ નળાના હાડકાના ફ્રેકચરો થવાથી તેમજ શરીરના બીજા અંગોને નાની મોટી ગંભીર પ્રકારની ઈજાઓ થવાથી અરજદારને ઓપરેશનો કરી સળીયા, સ્ક્રુ તેમજ પ્લેટો નાખવામાં આવેલ. સદર અકસ્માતમાં અરજદારને જમણા પગમાં ફ્રેકચરો થવાથી હાલમાં અરજદાર બિલકુલ પથારીવશ સ્થિતિમાં છે. ઉભા થઈ શકતા નથી, ચાલી શકતા નથી, પલાઠીવાળીને બેસી શકતા નથી તેમજ ભવિષ્યમાં પણ એકધારો ઉભા રહેવાનું, ચાલવાનું, દોડવાનું તેમજ તેમના ઓટો ગેરેજનું કામ કરી શકશે નહિ. સદર અકસ્માતની ઈજાઓને કારણે અરજદારને મોટા પ્રમાણમાં કાયમી ખોડ રહેલ છે. આ તમામ કારણોસર અરજદારને દુઃખ, દર્દ અને આઘાતના, દવા, પૌષ્ટીક ખોરાક તેમજ વાહન ખર્ચના, હોસ્પટલ ખર્ચના, ૧૨ માસની આવકની સંપૂર્ણ નુકશાનીના, તેમની સારવાર પાછળ રોકાયેલ બે વ્યકિતના ખર્ચના તેમજ કાયમી ખોડના લીધે થયેલ ભવિષ્યની આવકની નુકશાનીના, ફરી ઓપરેશનો કરાવવા પડે તેના ખર્ચના તે વિગેર મળીને આ કામના અરજદારને નુકશાન વળતરના રૂ.૩,૦૦,૦૦૦/– ૧૫ ટકાનાં વ્યાજ સાથે અને ખર્ચ આ કામના

સામાવાળાઓ પાસેથી વસુલ મેળવવા આ કામના અરજદાર હક્કદાર થાય છે.

૦૨. અરજી લગત સામાવાળાઓને નોટીસ કરતા સામાવાળાઓને નોટીસ બજી ગયેલ છે.જેમાં સામાવાળા નં. ૩ અને સામાવાળા નં. ૪ ને આંક – ૨૫ થી ગેઝેટમાં નોટીસ પ્રસિધ્ધ કરેલ છે. તથા સામાવાળા નં. ૫ ને આંક – ૪૫ થી આર.પી.એ.ડી મારફતે નોટીસ કરેલ છે. સામાવાળા નં.૧, સામાવાળા નં. ૩ તથા સામાવાળા નં. ૫ તરફે કોઈ જવાબ રજુ કરવામાં આવેલ નથી અને સામાવાળા નં.૨ તરફે આંક–૧૬ થી લેખીતમાં જવાબ અને સામાવાળા નં. ૪ તરફે આંક– ૨૪ થી લેખિતમાં જવાબ રજુ કરવામાં આવેલ છે.

૦૩. અરજદારની વળતર અરજી ધ્યાને લઈ નીચે મુજબના મુદ્દાઓ આંક– ૨૬ થી ઘડવામાં આવેલ છે.

ISSUE

(1) Whether the claimant proves that he/she has sustained injuries because of the rash and negligent driving of the driver of the vehicle involved in the accident ?

(2) Whether the claimant is entitled to the compensation as prayed for or any part thereof from the opponents or any of them ?

(3) What order and award ?

૦૪. ઉપરોક્ત મુદ્દાઓ સંબંધે મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) મુદ્દા નં.૧ :– હકારમાં,

(૨) મુદ્દા નં.૨ :– ચર્ચા મુજબ અંશત: હકારમાં,

(૩) મુદ્દા નં.૩ :– અંતિમ હુકમ મુજબ,

૦૫. અરજદારે પોતાની અરજી મુજબનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

(ક) <u>મૌખિક પુરાવો :–</u>

ક્રમ	**આંક**	**વિગત**
૧	૩૧	અરજદાર નિમેષભાઇ બીપીનભાઇ પટેલની સરતપાસ એફિડેવીટ

(ખ) <u>દસ્તાવેજી પુરાવો :–</u>

ક્રમ	**આંક**	**વિગત**
૧	૩૨	ફરિયાદની નકલ
૨	૩૩	પંચનામાની નકલ
૩	૩૪	મોટર સાયકલ નં. જીજે–૦૧–એફજે–૮૭૪૨ ની આર.સી.બુકની નકલ
૪	૩૫	મોટર સાયકલ નં. જીજે–૦૧–એફજે–૮૭૪૨ ની વીમા પોલીસીની નકલ
૫	૩૬	મારૂતી કાર નં. જીજે–૦૧–કે–૩૪૩૮ ના ચાલકનું ડ્રાઇવિંગ લાયસન્સ
૬	૩૭	મારૂતી કાર નં. જીજે–૦૧–કે–૩૪૩૮ ના ચાલકની આર.સી.બુક ની નકલ
૭	૩૮	અરજદારનું ઇન્જરી સર્ટીફિકેટ
૮	૩૯	અરજદારના ડીસ્ચાર્જ કાર્ડની નકલ
૯	૪૦	સંયુક્ત મેડીકલ બિલો
૧૦	૪૧	અરજદારનું કાયમી ખોડનું પ્રમાણપત્ર
૧૧	૪૨	અરજદારનું આધાર કાર્ડની નકલ
૧૨	૫૦	મારૂતી કાર નં. જીજે–૦૧–કે–૩૪૩૮ ના ચાલકનું પોલીસ નિવેદન
૧૩	૫૧	મારૂતી કાર નં. જીજે–૦૧–કે–૩૪૩૮ ના ઓથોરાઇઝડ ડીલર આશીષભાઇ ભટ્ટે આપેલ ડીલીવરી નોટની નકલ

૧૪	પ૨	મારૂતી કાર નં. જીજે–૦૧–કે–૩૪૩૮ ના આર.ટી.ઓ. મુજબના માલિકે મારુતીની કાર્ગો મોટર્સ પ્રા.લિ. ના ઓથોરાઈઝડ વ્યકિતને જાણ કરતો પત્ર

૦૬. અરજદાર પક્ષે પુરાવો પુરો થતા આંક–૪૬ કલોઝીંગ પુરસીસ રજુ કરેલ છે.સામાવાળા નં. ૧ થી ૫ નાઓએ અરજદારની કોઈ ઉલટતપાસ લીધેલ નથી કે હાજર રહી પોતાનો કોઇ બચાવ લીધેલ નથી. જેથી સામાવાળા નં. ૧ થી ૫ નાઓનો પુરાવાનો હક્ક બંધ કરવામાં આવેલ છે.

૦૭. અરજદાર તરફે રજૂઆત છે કે, અરજદાર તથા તેમના મિત્ર અભિષેકભાઈ સતીષભાઈ તા. ૩૧/૦૫/૨૦૦૯ ના રોજ સવારે ૦૯.૩૦ વાગ્યે તેમના બનેવીનું મો.સા.નં. જીજે–૦૧–એફજે–૮૭૪૨ લઈને ધોળકાથી અમદાવાદ ખાતે ગયેલા અને અમદાવાદ ફરીને રાત્રીના પરત ધોળકા જવા નીકળેલા. ત્યારે રાત્રીના આશરે ૧૦ વાગ્યાના સુમારે કાસીન્દ્રા ગામના પાટીયા પાસેથી પસાર થતા હતા ત્યારે આ કામના અરજદારનો મીત્ર જનક મળી જતા તેઓ રોડ ઉપર ઉભા વાતો કરતા હતા ત્યારે એક મારૂતી ફ્ન્ટી નં. જીજે–૦૧–કે–૩૪૩૮ ની ધોળકા તરફથી પુરઝડપે, ભારે બેદરકારી અને ગફલતભરી રીતે, માણસની જાન જીંદગી જોખમાય તે રીતે, ફુલ સ્પીડમાં, ટ્રાફીકના નિયમોનું ઉલ્લંઘન કરીને હંકારી લાવી આ કામના અરજદારને તેમજ તેમના મિત્રને જોરથી ટક્કર મારેલ અને આ રીતે સદર અકસ્માતનો બનાવ બનેલ. સદર અકસ્માતમાં આ કામના અરજદારને અતિગંભીર પ્રકારની ઈજાઓ થેયલી. સદર અકસ્માતનો બનાવ આ કામના સામાવાળા નં. ૩ ની બેદરકારી તથા ગફલતભર્યા ડ્રાઈવીંગને કારણે બનેલ હોઈ સદર અકસ્માત અંગે અસલાલી પોલીસ સ્ટેશનમાં સેકન્ડ ગુ.ર.નં. ૧૩૯/૨૦૦૯ થી ગુનો નોંધાવેલ. જેથી બનાવ સામાવાળા નં.૩ ની બેદરકારીથી બનેલ હોય તેમજ આર.સી.બુક મુજબ વાહનના માલિક સામાવાળા નં. ૫ નાઓ છે. અને સામાવાળા નં. ૫ નાઓએ સદર વાહન સામાવાળા નં. ૪ ને વેચેલ છે અને તેની ડીલિવરી નોટ વેચાણ અંગે રજુ કરેલ છે. જેથી બનાવ સામાવાળા નં. ૩ ની બેદરકારીથી બનેલ હોય અને ડિલીવરી

મેમો મુજબ સામાવાળા નં. ૪ ની જવાબદારી વાહનનો વીમા લીધા બાદ જ વાહન વેચવાની હોય તેમ છતાં સામાવાળા નં. ૪ દ્વારા વાહનનો વિમો લીધા સિવાય વાહન વેચી દીધેલ હોય તેમજ સામાવાળા નં.૫ નાઓએ આજદીન સુધી વાહનમાંથી માલિક તરીકે પોતાનું નામ કમી કરાવેલ ન હોય જેથી આર.સી.બુક મુજબ હાલ પણ સામવાળા નં. ૫ નાઓજ વાહનના માલિક હોય જેથી સામાવાળા ન. ૩ ની બેદરકારીથી બનાવ બનેલ હોય સામાવાળા નં. ૪ અને ૫ નાઓ વાહનના માલિક હોય જે હકીકત આ કામના અરજદારે પુરાવાઓથી પુરવાર કરેલ હોય જેથી સદર અકસ્માતમાં સામાવાળાઓ સંયુક્ત અને વિભક્ત રીતે વળતર ચુકવવા જવાબદાર હોવાનું આ કામના અરજદારે પુરવાર કરેલ હોય માંગ્યા મુજબનું વળતર અપાવવા રજુઆત કરેલ છે.

૦૮. અરજદાર તરફે આંક– ૪૮ થી લેખિત દલીલ રજુ કરવામાં આવેલ છે.

૦૯. સામાવાળાઓ તરફથી કોઈ દલીલ રજુ કરવામાં ન આવતા અરજદાર તરફે આંક – ૪૭ થી સામાવાળાઓનો દલીલનો હક્ક બંધ કરવા અંગે અરજી રજુ કરેલ છે. જે અરજી લગત હુકમ કરી અને સામાવાળાઓનો દલીલનો હક્ક બંધ કરવામાં આવેલ છે.

–: કારણો :–

મુદ્દા નં. ૧ : બેદરકારી તથા જવાબદારી અંગે :–

૧૦. અરજદારે પોતાની આંક–૦૧ ની અરજીમાં જણાવેલ હકીકતને પુરવાર કરવા માટે આંક–૩૧ થી સરતપાસની એફીડેવીટ રજુ કરેલ છે. જે તેમની અરજીને અનુરૂપ છે. અને તેમાં એવું જણાવેલ છે કે, આ કામના અરજદાર તેમના મિત્ર અભિષેકભાઈની સાથે કાસીન્દ્રા પાટીયા પાસેથી પસાર થતાં હતા ત્યારે અરજદારનો મિત્ર જનકભાઇ મળી જતા તેની સાથે વાતો કરતા હતા ત્યારે એક મારૂતિ ફ્રન્ટી નં. જીજે–૦૧–કે–૩૪૩૮ ધોળકા તરફથી પુરઝડપે આવી આ કામના અરજદારને તથા તેમના મિત્ર અભિષેકભાઈને ટક્કર મારેલ જેથી અકસ્માતનો બનાવ બનેલ. ત્યારબાદ સામાવાળાઓ

હાજર રહેતા ન હોઈ અરજદાર તરફે આંક – ૪૩ થી સામાવાળાઓનો ઉલટતપાસનો હક્ક બંધ કરવાની અરજી રજુ થતાં જે અરજી મંજુર કરી સામાવાળાઓનો ઉલટતપાસનો હક્ક બંધ કરવામાં આવેલ છે.

અરજદારની સરતપાસ એફિડેવીટ ધ્યાનમાં રાખતા તથા રજુ થયેલ દસ્તાવેજી પુરાવા જોવામાં આવે તો અરજદાર તરફથી આંક–૩૨ થી ફરીયાદ રજુ થયેલ છે જે ફરિયાદ અરજદારે જાતે આપેલ છે. જે ફરિયાદ જોવામાં આવે તો તેમાં એવુ જણાવેલ છે કે, તા. ૩૧/૦૫/૨૦૦૯ ના રોજ આશરે દસ વાગ્યે આ કામના અરજદાર તથા તેમના મિત્ર અભિષેકભાઇ સતીષભાઇ તેમના બનેવીનું મો.સા.નં. જીજે–૦૧–એફજે–૮૭૪૨ લઇને અમદાવાદ થી ધોળકા આવવા સારૂં નિકળેલા તે વખતે કાસીન્દ્રા ગામનું પાટીયું પસાર કરતાં રોડની સાઇડમાં એક માણસે તેઓને લીફ્ટ માટે હાથ લાંબો કરેલો. જેથી તેઓએ બાઇક ઉભું રાખેલ અને તેને જોતાં તે અરજદારનો ધોળકાનો મિત્ર જનકભાઇ રમેશચંદ્ર કાછીયા પટેલ હતો. જેથી તે તેઓની પાસે આવી રોડની ધાટી ઉપર વાતો કરતો હતો. તે વખતે ધોળકા તરફથી એક મારૂતી ફ્રન્ટી પુરઝડપે આવેલી અને રોડની સાઇડમાં તેઓ જ્યાં ઉભેલા હતા ત્યાં આવીને ભટકાયેલ જેથી આ કામના અરજદારને જમણા પગે ધુંટણ નીચે અને થાપાના ભાગે ઈજા થયેલ જ્યારે તેમના મિત્ર અભિષેકભાઇ સતીષભાઇને જમણા પગે ઢીંચણ નીચે ઈજા થયેલ. અને તેમની બાજુમાં નીચે ઉભેલ જનકભાઇ રમેશચંદ્ર કા. પટેલને પાછળ બરડાના ભાગે તથા છાતીના ભાગે મુંઠમાર ઈજાઓ થયેલ અને જમણા પગની પાની પાસે ઈજા થયેલ. જેથી કોઇએ ૧૦૮ ને ફોન કરતા ઇમરજન્સી વાન આવતા ત્રણેને લઇને ધોળકા પાશ્વનાથ હોસ્પિટલમાં સારવાર માટે લઇ જતા તેઓએ જોયેલ તો તે મારૂતિ ફ્રન્ટીનો ગાડી નં. જીજે–૦૧–કે–૩૪૩૮ હતો.

આમ, આંક – ૩૨ થી રજુ ફરિયાદ જોવામાં આવે તો બનાવ મારૂતિ ફ્રન્ટી કાર નં. જીજે–૦૧–કે–૩૪૩૮ ના ચાલકની બેદરકારીથી બનેલાનું સ્પષ્ટ જણાઇ આવે છે.

વધુમાં આંક–૩૩ થી બનાવવાળી જગ્યાનું પંચનામુ રજુ છે. સદર પંચનામું જોતાં સરખેજથી ધોળકા જતા રોડની ઘાટી ઉપર બે ફુટ ઘાટી છોડી રોડ ઉપર અકસ્માત થયેલ જણાય છે.

વધુમાં, આંક – ૩૬ થી સામાાવાળા નં. ૩ નાઓનું ડ્રાઇવીંગ લાયસન્સ રજુ છે. જે લાયસન્સ તા. ૦૪/૦૧/૨૦૧૦ સુધી માન્ય છે. જ્યારે બનાવ તા. ૩૧/૦૫/૨૦૦૯ ના રોજ બનેલ છે. જેથી સામાવાળા નં. ૩ બનાવ સમયે માન્ય લાયસન્સ ધરાવતા હોવાનું જણાઈ આવે છે.

વધુમાં, આંક – ૫૦ થી સામાવાળા નં. ૩ નાઓનું પોલીસ નિવેદન રજુ છે. તેમાં એવું જણાવેલ છે કે, સને– ૨૦૦૬ ની સાલમાં આશીષભાઇ ભટ્ટ એટલે કે સામાવાળા નં. ૪ નાઓ પાસેથી તેઓએ મારૂતી ફ્રન્ટી નં. જીજે–૦૧–કે–૩૪૩૮ ની ખરીદી કરેલ છે. જે તેમના નામે આર.ટી.ઓ માં રજીસ્ટર્ડ કરાવેલ નથી. અને તે મારૂતી ફ્રન્ટી નં. જીજે–૦૧–કે–૩૪૩૮ ની વીમા પોલીસી પણ તેમની પાસે નથી. તેમનું ડ્રાઇવિંગ લાયસન્સ તા. ૦૪/૦૧/૨૦૧૦ સુધી રીન્યુ થયેલ છે. વધુમાં, જણાવે છે કે, તા. ૩૧/૦૫/૨૦૦૯ ના રોજ રાત્રીના સાડા નવેક વાગ્યે ધોળકા થી અમદાવાદ આવતા કાસીન્દ્રા ગામના પાટીયા નજીક આવતા સામેની રોડ ઉપર એક બાઇક ચાલક તથા તેના મિત્ર સાથે ઉભો હતો તેની બાજુમાં એક માણસ સાથે વાતો કરતા હતા તે વખતે સામેથી આવતા વાહનોના અજવાળાના કારણે અંજાઇ જતા તેમની મારૂતી ફ્રન્ટી કારને કંટ્રોલ ન રહેતા બાઇક ચાલક ઉભા હતા તે તરફ મારૂતી ફ્રન્ટી જઇ ભટકાઇ ગયેલ અને સામે ઉભેલા ત્રણેય જણાને વાગેલ અને ઘણા બધા માણસો ભેગા થઇ જતા તેઓ બીકના માર્યા ત્યાંથી તેમની મારૂતી ફ્રન્ટી લઇને ઘરે જતા રહેલ.

આમ, આંક – ૫૦ થી સામાવાળા નં. ૩ નાઓનું પોલીસ નિવેદન વંચાણે લેતાં, બનાવ સમયે સામાવાળા નં. ૩ નાઓ મારૂતી ફ્રન્ટી કાર ચલાવતા હતા અને તેમની બેદરકારીથી અકસ્માત થયાનું તેમના નિવેદન ઉપરથી જણાઈ આવે છે.

વધુમાં, આંક – ૫૧ થી મારૂતી ફ્રન્ટી નં. જીજે–૦૧–કે–૩૪૩૮ ની ડીલીવરી નોટની નકલ રજુ છે. જે જોવામાં આવે તો, જેમાં સામાવાળા નં. ૪

નું નામ લખેલ છે અને સદર ડિલીવરી મેમો જોવામાં આવે તો કાર્ગો મોટર્સ (ગુજરાત) પ્રાઈવેટ લિ. નું નામ લખેલ છે. વધુમાં, આંક – ૩૭ થી મારૂતિ ફ્રન્ટી નં. જીજે–૦૧–કે–૩૪૩૮ ની આર.સી. બુકની નકલ રજુ છે જેમાં સામાવાળા નં. ૫ વિનોદભાઈ કશ્યપનું નામ લખેલ છે. વધુમાં, આંક – ૫૨ થી વિનોદભાઈ કશ્યપે કાર્ગો મોટર (ગુજરાત) પ્રાઈવેટ લિ. ને ઉદ્વેશીને એક પત્ર લખેલ છે. જેમાં એવું જણાવેલ છે કે, વિનોદભાઈએ કાર્ગો મોટર્સને તેઓની ગાડી જીજે–૦૧–કે–૩૪૩૮ વેચાણ કરેલ છે. જેની ડીલીવરી રીસીપ્ટ પણ તેમના કાર્ગો મોટર્સ દ્વારા આપવામાં આવેલ છે. પરંતુ સદર ગાડી દ્વારા અકસ્માત થતાં પોલીસ તેમના ઘરે આવેલ જેથી સદર વાહન તેઓએ કાર્ગો મોટર્સને વેચેલ હોય તેથી તમો પોલીસને આ વિશે હકીકત જણાવશો. તેમજ આર.ટી.ઓમાં પણ નામ ચેન્જ કરવા માટેની જરૂરી કાર્યવાહી કરશો. તેવો પત્ર સામાવાળા નં. ૫ દ્વારા કાર્ગો મોટર્સને લખવામાં આવેલ છે. જેથી સદર બંને દસ્તાવેજ જોતાં સામાવાળા નં. ૫ નાઓએ વાહન નં. જીજે–૦૧–કે–૩૪૩૮ તા. ૩૦/૦૩/૨૦૦૬ ના રોજ કાર્ગો મોટર્સ (ગુજરાત) પ્રા. લિ. ને વેચાણ કરેલ છે. ત્યારબાદ આંક – ૫૧ થી રજુ ડીલીવરી મેમો જોતાં તેમાં સામાવાળા નં. ૪ આશિષભાઈ ભટ્ટનાઓનું નામ લખેલ છે. વધુમાં, સામાવાળા નં. ૩ નાઓ પોલીસ રૂબરૂ નિવેદનમાં જણાવે છે કે, તેઓએ વાહન સામાવાળા નં. ૪ પાસેથી ખરીદ કરેલ છે. જેથી ઉપરોક્ત દસ્તાવેજી પુરાવો જોતાં આર.સી.બુક મુજબ સામાવાળા નં. ૫ નાઓ અકસ્માતમાં સંડોવાયેલ વાહન જીજે–૦૧–કે–૩૪૩૮ના માલિક છે. અને સામાવાળા નં. ૫ દ્વારા સદર વાહન વર્ષ ૨૦૦૬ માં મારૂતિ ટ્રુ વેલ્યુ કાર્ગો મોટર્સ (ગુજરાત) પ્રા. લિ. ને સદર વાહન વેચાણ કરી દીધેલ છે અને કાર્ગો મોટર્સ (ગુજરાત) પ્રા.લિ. ના કરતા હરતા આશિષભાઈ ભટ્ટનાઓએ સદર વાહન સામાવાળા નં. ૩ ને વેચેલ છે. જેથી સામાવાળા નં. ૫ નાઓએ વાહનનું વેચાણ સામાવાળા નં. ૪ ને કરી દીધેલ હોવા છતાં પોતાનુ નામ આર.સી.બુકમાંથી કમી કરાવેલ નથી. તેમજ સામાવાળા નં. ૪ નાઓએ આંક – ૫૧ થી રજુ ડીલીવરી મેમો ધ્યાનમાં રાખતા તેઓએ વાહનની પોલીસી વાહનનું વેચાણ કરતા પહેલા કરાવેલ ન હતી. અને વાહનની પોલીસી

કરાવ્યા વગર જ વાહનનું વેચાણ સામાવાળા નં. ૩ ને કરી આપેલ છે. અને બનાવ સામાવાળા નં. ૩ ની બેદરકારીથી બનેલ છે. જેથી સામાવાળા નં. ૫ નાઓ હાલ પણ વાહનના માલિક હોય અને સામાવાળા નં. ૪ નાઓની જવાબદારી વાહનની પોલીસી કરાવ્યા બાદ જ વાહન વેચવાની હોય તેમ છતાં પોલીસી કરાવ્યા વગર જ વાહન સામાવાળા નં. ૩ ને વેચી આપેલ હોય જેથી ફરિયાદ, પંચનામું અને આંક – ૫૨ નું પત્ર તથા આંક – ૫૧ થી ડિલીવરી મેમો, આંક – ૩૭ થી રજુ આર.સી.બુકની નકલ ધ્યાનમાં રાખતા સામાવાળા નં. ૩, સામાવાળા નં. ૪ તથા સામાવાળા નં. ૫ નાઓ દ્વારા સદર પુરાવાનું ખંડન કરતું કોઇ જ પુરાવો રજુ થયેલ નથી. આમ, અરજદારનો ઉપર મુજબનો પુરાવો જોવામાં આવે તો અરજદારનો પુરાવો વિશ્વાસનીય હોવાનું જણાઇ આવે છે અને સામાવાળા નં. ૩ મારૂતી કાર નં. જીજે–૦૧–કે–૩૪૩૮ ના ચાલક અને સામાવાળા નં. ૪ વાહન લે–વેચના ડીલર હોય અને તેઓએ સામાવાળા નં. ૫ પાસેથી કાર ખરીદેલ હોય અને વાહનની પોલીસી ઇશ્યુ કર્યા વગર જ વેચાણ કરેલ હોય અને સદર મારૂતી કાર નં. જીજે–૦૧–કે–૩૪૩૮ સામાવાળા નં. ૫ ના નામે આર.ટી.ઓમાં રજીસ્ટર હોય જેથી આ કામનાં સામાવાળા નં. ૩, ૪ અને ૫ અરજદારને સંયુક્ત અને વિભક્ત રીતે વળતર ચુકવવા માટે જવાબદાર ગણવામાં આવે છે.

વધુમાં, અરજદારનો પુરાવો જોવામાં આવે તો તેમની સોગંદ પરની સરતપાસની એફિડેવીટમાં એવું જણાવે છે કે, મારૂતી ફ્રન્ટી ધોળકા તરફથી પુરઝડપે આવી અમને ટકકર મારેલ જેથી અરજદાર તેમની સરતપાસ એફિડેવીટમાં સામાવાળા નં. ૧ ની બેદરકારીથી બનાવ બનેલ હોય તેવી કોઇ હકીકત જણાવતા નથી. વધુમાં, ફરિયાદ અને પંચનામું ધ્યાનમાં રાખતા પણ સામાવાળા નં. ૧ ની બેદરકારીથી અકસ્માત થયેલ હોય તેવી કોઇ હકીકત ફરિયાદમાં નથી. જેથી બનાવમાં સામાવાળા નં. ૧ તથા સામાવાળા નં. ૨ નાઓની કોઇ બેદરકારી ન હોઇ તેથી તેઓની સામે કોઇ વળતર ચુકવવાનો કોઇ હુકમ કરવામાં આવતો નથી.

૧૧. <u>વળતર અંગે :–</u>

(૧૧.૧) અરજદારને અકસ્માતમાં ઈજાઓ થતાં તેમને કાયમી ખોડ આવી ગયેલી અને અકસ્માત સમયે તેમની ઉંમર ૨૭ વર્ષની હોય અને તેઓ ની માસિક આવક રૂા. ૪,૫૦૦/– હોય રૂ.૩,૦૦,૦૦૦/– ૧૫% ના વ્યાજ સાથે માંગ્યા મુજબનું વળતર આપવા રજુઆત કરેલ છે.

(૧૧.૨) **<u>અરજદારની વય તથા ગુણાંક બાબત :–</u>**

અરજદારે પોતાની ઉંમર બનાવ સમયે ૨૭ વર્ષની હોવાનું જણાવેલ છે. જે સંદર્ભે અરજદાર તરફથી આંક–૪૨ થી તેમનું આધારકાર્ડ રજુ કરેલ છે. જે આધારકાર્ડ વંચાણે લેવામાં આવે તો તેમાં અરજદાર અભિષેકભાઈ સતીષભાઈ મહેતાની જન્મ તા.૧૪/૦૭/૧૯૮૧ દર્શાવેલ છે અને બનાવ તા.૩૧/૦૫/૨૦૦૯ ના રોજ બનેલ હોય બનાવ સમયે અરજદારની ઉંમર ૨૭ વર્ષ ૧૦ મહિના અને ૧૭ દિવસની હોવાનું જણાઈ આવે છે. જેથી આંક–૪૨ થી રજુ આધારકાર્ડ ધ્યાને લેતાં અરજદારની બનાવ સમયે અરજદારની ઉંમર ૨૭ વર્ષ ૧૦ મહિના અને ૧૭ દિવસની ઠરાવવામાં આવે છે. જેથી અરજદાર ૨૬ થી ૩૦ વર્ષની વય જુથમાં આવતાં હોય ૧૭ નો ગુણાંક સરલા વર્મા એન્ડ અધર્સ વિ. દિલ્હી ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન એન્ડ અનધર, એ.આઈ.આર. ૨૦૦૯ (એસ.સી) ૩૦૧૪ ના ચુકાદા મુજબ ધ્યાને લેવા પાત્ર રહે છે.

(૧૧.૩) **<u>આવક તથા ભવિષ્યની આવક વૃધ્ધિ બાબત :–</u>**

(ક) <u>આવકની આકરણી બાબત :–</u>

અરજદાર તરફે રજુઆત છે કે તેઓ બનાવ અગાઉ ઓટો ગેરેજનું કામ કરીને મહિને રૂા. ૪,૫૦૦/– કમાતા હતા. તેવું જણાવે છે. પરંતુ, અરજદાર ઓટો ગેરેજનું કામ કરી માસિક રૂા. ૪,૫૦૦/– કમાતા હતા તે સંદર્ભે અરજદાર તરફથી કોઈ જ પુરાવો રજુ કરવામાં આવેલ નથી. જેથી અકસ્માત સમયનાં લઘુત્તમ વેતન દર, મોંઘવારી દર, ફુગાવો, અરજદારની વય ધ્યાનમાં રાખતા તથા નોશનલ ઈન્કમ ધ્યાનમાં રાખતા બનાવ

તા.૩૧/૦૫/૨૦૦૯ ના રોજ બનેલ હોય અને નોશનલ ઈન્કમ વર્ષ–૨૦૦૯ ની ધ્યાનમાં રાખતા બનાવ સમયે અરજદાર માસીક રૂા.૩,૭૦૦/– કમાતા હોવાનું ઠરાવવામાં આવે છે.

(ખ) <u>ભવિષ્યની આવક વૃધ્ધિ બાબત :–</u>

અકસ્માત સમયે અરજદારની ૨૭ વર્ષ ૧૦ મહિના અને ૧૭ દિવસની હોય જેથી અરજદાર ૪૦ વર્ષની અંદરની વયજુથમાં આવતા હોય ૪૦% ભવિષ્યની આવક વૃધ્ધિ ધ્યાનમાં લેવાનું નેશનલ ઈન્શ્યોરન્સ કંપની લી. વી. પ્રણવ શેટ્ટી એન્ડ અધર એસએલપી(સીવીલ) નં.૨૫૫૯૦/૨૦૧૪ ના ચુકાદાને ધ્યાનમાં રાખતા ઠરાવવામાં આવે છે.

(૧૧.૪) **<u>કાયમી ખોડ તથા કાર્યક્ષમતાની નુકશાની બાબત :–</u>**

અરજદારને આવેલ શારીરીક ખોડ સામે તેઓને થયેલ કાર્યક્ષમતાની નુકશાનીની આકારણી માટે નામદાર સુપ્રિમ કોર્ટનાં ૨૦૧૨ એ.સી.જે.૨૮(એસ.સી) નાં ચુકાદામાં ઠરાવવામાં આવેલ સિધ્ધાંતોને ધ્યાનમાં લેતાં તથા સદર કામે અરજદાર તરફથી આંક – ૪૧ કાયમી ખોડનું સર્ટીફિકેટ રજુ કરેલ છે. જેમાં ૨૮ ટકા કાયમી ખોડ અરજદારને આવેલ હોવાનું જણાવેલ છે અને સામાવાળા નં. ૩, ૪ અને ૫ નાઓ દ્વારા સદર સર્ટીફિકેટ સંબંધે કોઈ વિરોધાભાસી પુરાવો રજુ કરેલ નથી. તેમજ આંક – ૪૧ થી રજુ કાયમી ખોડના સર્ટીફિકેટને પડકારતો કોઈ પુરાવો રજુ કરેલ નથી. જેથી આંક – ૪૧ થી રજુ કાયમી ખોડનું સર્ટીફિકેટ ધ્યાનમાં રાખતા અરજદારની કાર્યક્ષમતા અને આવક પેદા કરવાની ક્ષમતાની નુકશાની ૨૮% ઠરાવવામાં આવે છે. આમ, ઉપરોક્ત ચર્ચા કર્યા મુજબ અરજદારને નીચે મુજબની રકમ ભવિષ્યની આવકની નુકશાની પેટે મળવા પાત્ર હોવાનું ઠરાવવામાં આવે છે.

Loss of future income,

Monthly income Rs.3,700/– **x** 40% (**Future prospective income**) **x** 12 (**Yearly**) **x** 28%

(**Earning loss as discussed above**) **x** 17 (**Multiplier applicable**) = **Rs**.2,95,881

૧૨. <u>પી.એસ.એસ., એસ.એ.ટી., એક્ચ્યુઅલ લોસ તથા મેડીકલ ખર્ચ બાબત :–</u>

અરજદાર પોતાને થયેલ ઈજાઓ બદલ અને શારીરીક અને માનસિક આઘાત તથા દુઃખ,દર્દ તથા મેડીકલ ખર્ચ તથા ટ્રાન્સપોર્ટેશન તથા એટેન્ડન્ટ ચાર્જીસ વગેરે મળી રૂા.૩,૦૦,૦૦૦/– નું વળતર સામાવાળાઓ પાસેથી અપાવવા અરજ કરેલ છે. જે સંદર્ભે અરજદાર તરફથી આંક–૩૧ થી પુરાવાનું સોગંદનામુ રજુ કરેલ છે જેમાં તેઓ એવુ જણાવે છે કે તેઓને સારવાર પાછળ રૂા. ૧,૨૦,૦૦૦/–નો ખર્ચ થયેલ છે. તથા પૌષ્ટીક આહારના ખર્ચના રૂ.૨૫,૦૦૦/– તથા મુસાફરી ખર્ચના રૂ.૧૫,૦૦૦/– નો ખર્ચ તથા એટેડન્સના રૂા. ૨૭,૦૦૦/– નો ખર્ચ થયેલ છે.

જે સંદર્ભે અરજદાર તરફે આંક–૪૦ થી ડો. વીરલ ગજ્જરનું સારવાર અંગેનું બિલ અનુક્રમ નં. ૯ અને ૧૦ થી રજુ કરેલ છે તથા આંક – ૪૦ થી અનુક્રમ નં.૧૧ થી ૩૬ સુધી દવાઓના બીલો રજુ કરેલ છે. જેમાં ડો.વીરલ ગજ્જરનાઓનું અનુક્રમ નં. ૯ નું બિલ રૂા. ૫૬,૪૦૦/– તથા અનુક્મ નં. ૧૦ નું બિલ રૂા.૨૭,૪૯૦/– નું રજુ છે તથા બિલો અનુક્રમ નં. ૧૧ થી ૩૬ સુધીના રૂા. ૩૬,૪૩૪/– સુધીના છે. જે બીલો જોવામાં આવે તો કુલ રૂા. ૩૬,૪૩૪/– ના છે. જેથી આંક–૪૦ થી અનુક્રમ નં. ૦૯ અને અનુક્રમ નં.૧૦ નું બિલ રૂા.૮૩,૮૯૦/– તથા અનુક્મ નં. ૧૧ થી ૩૬ સુધીના રજુ બિલો રૂા.૩૬,૪૩૪/– ધ્યાનમાં રાખતા અરજદારને રૂ.૧,૨૦,૩૨૪/– સારવારના ખર્ચ પેટે ચુકવવાનો હુકમ કરવામાં આવે છે.

વધુમાં ઈજાઓને લીધે અરજદાર લાંબો સમય અંદરના દર્દી તરીકે સારવાર લીધેલ છે તથા ત્યારબાદ આરામ પણ કરવો પડ્યો હોવાની હકીકત અરજદારનાં મેડીકલ પેપર્સના આધારે તથા કાયમી ખોડનાં આધારે જણાઈ આવે છે તેમજ અરજદારને તેના કારણે બે માસ સુધી સંપુર્ણ આરામ કરેલ હોય બે માસની સંપુર્ણ આવક ગુમાવવી પડેલ હોવાનું માનવાપાત્ર રહે છે.

વધુમાં અરજદારે ઝડપી સ્વાસ્થ્ય લાભ માટે વિશેષ પૌષ્ટીક આહાર લેવો પડ્યો હોય અને તેનો ખર્ચ થયેલ હોવાનું પણ માનવાપાત્ર રહે છે તેમજ અરજદારની દેખરેખ માટે તથા સાથે રહેનાર વ્યક્તિએ પોતાની આવકની નુકશાની વેઠવી પડી હોય તે બાબત પણ ધ્યાનમાં લેવાપાત્ર છે. જેથી અરજદારને થયેલ બે માસની નુકશાની પેટે રૂા.૭,૪૦૦/- (૩,૭૦૦ x ૨) તથા સ્પેશિયલ ડાયટ, ટ્રાન્સ્પોર્ટેશન તથા એટેન્ડન્સની નુકશાની પેટે રૂા.૧૦,૦૦૦/- આપવા ઉચિત જણાઇ આવે છે તથા અરજદારની ઈજાઓ તથા કાયમી ખોડ જોતાં તેઓને અકસ્માતમાં થયેલ ઈજા અને કાયમી ખોડના કારણે વેઠવી પડેલી અને ભવિષ્યમાં વેઠવી પડનારી તકલીફો માટે પી.એસ.એસ. પેટે રૂા.૨૦,૦૦૦/- આપવા ઉચિત જણાઇ આવે છે અને તે મુજબ ચુકવવાનો હુકમ કરવામાં આવે છે.

૧૩. સમગ્રપણે અરજદારને નીચે મુજબનું વળતર મેળવવા હક્કદાર ઠરાવવામાં આવે છે.

1	Loss of future income	Rs.2,95,881/-
2	Pain, Shock and suffering	Rs.20,000/-
3	Medical Expenses	Rs.1,20,324/-
4	Actual loss of income	Rs.7,400/-
5	Special diet, transportation and attendant charges.	Rs.10,000/-
	Total Rs.	**Rs.4,53,605/-**

૧૪. <u>વ્યાજ અંગે :-</u>

(૧૪.૧) અરજદારે પ્રતિવર્ષ ૧૫ ટકાનાં વાર્ષિક વ્યાજદરે વળતર ચુકવવા માંગણી કરેલ છે પરંતુ નામદાર શ્રી ગુજરાત હાઈકોર્ટે ન્યુ ઈન્ડીયા ઈન્શ્યોરન્સ કંપની લી. વિ. રાજકુમાર ધરમસીંગ - ૨૦૧૪ એસ.સી.સી. ઓનલાઈન જીયુજે ૧૩૫૫ ના ચુકાદામાં એવુ જણાવેલ છે કે,

> *7. In the light of the fact that in the case of **Josphine James v. United India Insurance Co. Ltd.** (supra), the Supreme Court has held that there was no justification for*

the Tribunal and the High Court in not applying the ratio of the decision of Association of Victims of Uphaar Tragedy and has awarded interest at the rate of 9% per annum, the court is of the view that the Tribunal was not justified in determining the rate of interest at 12% without any basis. Under the circumstances, the rate of interest is required to be reduced to 9% by following the decision of the Supreme Court in the case of ***Municipal Corporation of Delhi v. Association of Victims of Uphaar Tragedy*** *(supra).*

(૧૪.૨) જેથી ઉપરોક્ત ચુકાદામાં ઠરાવ્યા મુજબ વળતરની રકમ ઉપર અરજીની તારીખથી ચુકવણી તારીખ સુધી વાર્ષિક ૯ ટકાના વ્યાજ દરે થતાં વ્યાજ અને ખર્ચ સાથે સામાવાળા દ્વારા અરજદારને વળતરની રકમ ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે. આમ, ઉપરોક્ત મુદ્દા નં.૧ તથા મુદ્દા નં.૨ ના નિર્ણયોની ચર્ચા કર્યા મુજબ અંશતઃહકારમાં મુદ્દા નં.૩ અંગે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

-: હુકમ :-

૧. અરજદારની વળતર અરજી નં.૧૫૬/૨૦૨૧ સામાવાળા નં. ૩, ૪ અને ૫ ની સામે અંશતઃમંજુર કરવામાં આવે છે.સામાવાળા નં. ૧ અને ૨ ની સામે કોઇ હુકમ કરવામાં આવતો નથી.

૨. અરજદાર આ કામના સામાવાળા નં. ૩, ૪ અને ૫ ની પાસેથી વળતરની રકમ પટે રૂા.૪,૫૩,૬૦૫/- (અંકે રૂપિયા ચાર લાખ ત્રેપન હજાર છસો પાંચ પુરા) વળતર અરજી દાખલ કર્યા તારીખથી ચુકવણી તારીખ સુધી પ્રતિ વર્ષ ૯ ટકાના વ્યાજદરે થતી વ્યાજ અને ખર્ચની રકમ સાથે સંયુક્ત અને વિભક્ત રીતે વસુલ મેળવવા હક્કદાર ઠરાવવામાં આવે છે.

૩. સામાવાળાનં. ૩, ૪ અને ૫ ની વિરૂધ્ધ એવો હુકમ કરવામાં આવે છે કે તેઓએ આ હુકમની તારીખથી દિન-૩૦ માં ચુકવવાની થતી

તમામ રકમ આ ટ્રિબ્યુનલની ઓફિસમાં સંયુક્ત અને વિભક્ત રીતે વચગાળાની રકમ બાદ કર્યા પછી (જો કોઈ એમ.વી. એક્ટ હેઠળ ચુકવેલ હોય) જમા કરાવવાનો નિર્દેશ કરવામાં આવે છે.

૪. સામાવાળાનં. ૩, ૪ અને ૫ ની તરફથી વળતરની રકમ ટ્રિબ્યુનલમાં જમા કરાવ્યેથી અરજદારની બાકી નિકળતી કોર્ટ ફી ની રકમ જો હોય તો કપાત કરી બાકીની રકમ અરજદારને સરખા હિસ્સામાં વળતર તરીકે ચુકવવી.

૫. ઉપર મુજબની રકમ કપાત કર્યા બાદ બાકીની રકમ પૈકી ૫૦% રકમ અરજદારને અરજદારની પસંદગીવાળી રાષ્ટ્રીયકૃત બેંકમાં પાંચ વર્ષ માટે ફીક્સ ડીપોઝીટ કરવી તથા બાકીની રહેતી ૫૦% રકમ અરજદારને RTGS/NEFT મારફતે ચુકવવી.

૬. અરજદાર ફીક્સ ડીપોઝીટ ઉપર વ્યાજનો દર સમયાંતરે મેળવવા હક્કદાર રહેશે, પરંતુ આ ટ્રિબ્યુનલની પુર્વ પરવાનગી વિના લોન અથવા એડવાન્સ મેળવવા હક્કદાર રહેશે નહીં.

૭. અરજદારને આજથી એક સપ્તાહની અંદર નીચેની વિગત સબમિટ કરવાનો નિર્દેષ કરવામાં આવે છે.

૧. અરજદારનું નામ સરનામા સાથે.

૨. અરજદારની બેંક અને શાખાનું નામ IFSC કોડ સાથે.

૩. બેંક પાસબુકના પ્રથમ પૃષ્ઠની નકલ, જેમાં અરજદારનો ફોટો ફરજીયાતપણે હશે, જે સંબંધિત બેંક દ્વારા યોગ્ય રીતે પ્રમાણિત થયેલ હશે, તે ઉપલબ્ધ કરાવવું.

વિમા કંપનીએ તથા ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન તથા અન્ય સંસ્થાઓએ તા.૨૭.૧૨.૨૦૨૧ ના પરિપત્રમાં નિર્દેશિત મુજબ, રકમ **Account Name :- ADDI DIST AND SESSN JUDGE DHOLKA MACP, Account No.**40723671129, **IFS Code: SBIN**0000364 ખતામાં

જમા કરાવવાના રહેશે અને આ રકમ જમા કરાવ્યેથી ઇન્શ્યોરન્સ કંપની અને ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન તથા અન્ય સંસ્થાનાઓએ રજીસ્ટ્રી ઓફ એડીશ્નલ ડીસ્ટ્રીક્ટ કોર્ટ નાઓને બેંક એડવાઇઝ સાથે જાણ કરતો પ્રિસ્ક્રાઇબ્ડ ફોર્મેટમાં જાણ કરવી.

વળતર ચુકવણીની વિગત નીચે મુજબ છે:

MACP No.	:
On the file of (Claims Tribunal Name)	:
Name of the Petitioner/s.	:
Date of Award.	:
Compensation Amount.	:
Name of the bank who Deposit the amount.	:
Income Tax Deduction at Source.	:
Bank Transaction Ref. No.	:
Unique Transaction Ref. No. (UTR) No.	

૮. અરજદારની વળતરની રકમ NEFT/RTGS મારફતે તેમના બેંકના ખાતામાં જમા કરાવવાની રહેશે.

૯. વળતરની રકમ જમા થયેથી સામાવાળાનં. ૩, ૪ અને ૫ ની પેમેન્ટ એડવાઇઝની ટ્રિબ્યુનલમાં અને અરજદારને અથવા તેમના વકીલશ્રીને કરવી.

૧૦. આવકવેરા અધિનિયમનું ફોર્મ 16-A અરજદારને પ્રદાન કરવુ જોઇએ

કે જેના વતી કપાત કરવામાં આવી છે જેથી કરીને તે કપાત કરેલ કરનું રિફંડ મેળવવા માટે સક્ષમ બને.

૧૧. સામાવાળાનં. ૩, ૪ અને ૫ નાઓએ માનનીય સર્વોચ્ચ અદાલત દ્વારા નિર્ધારિત દિશાનિર્દેશો અને માર્ગદર્શિકાનું ***The Oriental Insurance Company Vs. Chief Commissioner of Income-Tax (TDS) in R/SPCA No.***4800/2000 ***decided on*** 05/04/2022 મુજબ પાલન કરવા–કરવાનો હુકમ કરવામાં આવે છે.

૧૨. રજીસ્ટ્રી, અરજદર/ઓ, પ્રતિવાદી/ઓ અને સંબંધિત બેંકોએ માનનીય સર્વોચ્ચ અદાલત દ્વારા ***Bajaj Allianz General Insurance Company Pvt. Ltd. Vs. Union of India & Ors. in W.P.(Civil) No.***534/2020 માં ઠરાવેલ નિર્દેશોનું પાલન કરવુ.

૧૩. હુકમ મુજબ હુકમનામુ દોરવુ.

હુકમ આજરોજ તારીખ ૨૮મી, માહે–એપ્રિલ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૨૮/૦૪/૨૦૨૬
સ્થળ–ધોળકા

(પુર્વજીતસિંહ પ્રવિણસિંહ જાડેજા)
મોટર એક્સીડન્ટ ક્લેઇમ ટ્રીબ્યુનલ અને
૮માં એડીશ્નલ ડીસ્ટ્રીક્ટ તથા સેશન્સ જજ,
મુ. ધોળકા, અમદાવાદ (ગ્રામ્ય)
કોડ નં.૦૦૮૩૨